સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

ચો-તરફથી માંધવારી ઝંડ જેમ વળગે છે,
સત્તાભૂખ્યા નેતા જનતાથી તદ્દન અળગે છે,
બણગે 'વિકાસ' ના ખોટા ફૂલાય ફૂલણજી -
વાહન છે, અભાવે ઈંધણના, ભાવ સળગે છે.

ચાલતા થાવ
ને બેસો ઝાડ નીચે
લ્યો પ્રાણવાયુ!!
(ને બચશે ઈંધણ)

વાર્યા ન વરે
મુર્ખાઓ હાર્યા વરે
હીમનો ઠાર
(ચીનાને પ્રકૃતિનો માર)

હાઈકુ

ચિંતન

શ્રદ્ધા દેવમ્ । અશ્રદ્ધાયા અદેયમ્ । દિયા દેવમ્ ।
હિંસા દેવમ્ । ભિયા દેવમ્ । સંવિદા દેયમ્ ॥

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

અન્યોને મદદ કરવી એ આપણું કર્તવ્ય જ છે. પણ આવી તે મદદ શ્રદ્ધાપૂર્વક કરવી જોઈએ. (કોઈ દબાણ-દુરાગ્રહ કે અનિચ્છાથી નહીં) અશ્રદ્ધાથી નહીં.

આવી મદદ પ્રસન્નતાપૂર્વક કરવી જોઈએ. નારાજગી કે પરાણે મન વગરની નહીં. મદદ નમ્રતાના ભાવથી કરવી જોઈએ. (આપણે જાણે એના પર મોટો ઉપકાર કરીએ છીએ કે હું જો મદદ ન કરત તો તમારા શું હાલ થઈ જાત એવા ઘમંડથી નહીં) રાજકારણના મોટા પક્ષો ચૂંટણી સમયે 'નાણાકીય મદદ' ડોનેશન - ચૂંટણી ફંડ માગે છે ત્યારે ઉદ્યોગપતિઓ (ડરના માર્યા) કોઈ પણ પક્ષ સત્તા પર આવે ત્યારે પોતાને પરેશાન કરશે એવા ડરથી બધા પક્ષોને 'મદદ' કરતા હોય છે. આવી મદદ પાછળ 'ડર' નો ભય હોય છે.

મદદ સહાનુભૂતિથી કરવી જોઈએ. કોઈ ગરીબ અસાધ્ય રોગથી રિબાતું હોય તો તેના ઈલાજનો ખર્ચ લાગણી-પ્રેમથી ઉપાડી લેવો એ સહાનુભૂતિની મદદ છે. મદદ હંમેશા પ્રેમથી, પોતાના આનંદ માટે કરવી જોઈએ.

સુવિચાર

- ભૂતકાળ માટે પશ્ચાતાપ, ભવિષ્ય માટે બુદ્ધિહીન ચિંતાઓ, તથા વર્તમાનની વાસ્તવિકતાના ગભરાટમાં આપણે આપણી શક્તિઓ વેડફી નાખીએ છીએ - **ચિન્મયાનંદ**
- ચરિત્ર વૃક્ષ છે, પ્રતિષ્ઠા તેનો પડછાયો છે, પણ આપણે છાયાને જ મહત્ત્વ આપીએ છીએ અને વૃક્ષને વાસ્તવિકતાને ભૂલી જઈએ છીએ - **લિંકન**
- ઊંડી ખાઈ અહંકારની ને વચમાં જયાં ખોદાય..
  પરમાત્માના મહેલમાં ત્યાં કેમ કરી પહોંચાય? - **એસ. ભટ્ટાચાર્ય**
- લાખોં આતે જાતે, દુનિયા મેં ન નિશાની હૈ... જિસને કુછ દે કે દિખલાયા,
  ઉસી કી હી અમર કહાની હૈ - **ડો. મનોજ જોષી**
- નાનકડા ખિસ્સામાં એક મોટું સપનું જાગ્યું, બસ, ત્યારથી જ સુખ-શાંતિને ખોટું લાગ્યું - **જીવન પાથેય**
- સંબંધો જો થોડો સમય રાખવાના હોય તો મીઠા બનો અને
  લાંબો સમય રાખવા હોય તો સ્પષ્ટ બનો - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : પપૈયાના પાનનો રસ નવશેકો ગરમ કરી એક ચમચી સવાર-સાંજ પીવાથી અજીર્ણમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

માણસની આંખ, માણસના અંતઃકરણનો તરત પડઘો પાડે છે. સુખ-દુઃખ, આનંદ-ઉત્સાહ, આશા-નિરાશા, પ્રેમ-ધિક્કાર બધું જ આંખ બોલ્યા વિના જાહેર કરતી હોય છે.

માર્ક-ટ્વેઈન અમેરિકાના ઉત્તમ હાસ્ય લેખક અને ચિંતક હતા. એકવાર તેઓ એમના મિત્રો સાથે બેસીને ગપ્પા મારતા હતા. એવામાં એક અજાણ્યો વ્યક્તિ એમની પાસે આવ્યો અને કહ્યું, 'મારી એક આંખ નકલી છે.' એક ધનિક મિત્ર એ જાહેરાત કરી કે જે મિત્ર પરીક્ષા કરીને કંઈ આંખ નકલી છે એ કહી શકશે તેને એક સો ડૉલરનું ઈનામ હું આપીશ.'

બે મિત્રો આંખ પારખવામાં નિષ્ફળ ગયા પછી માર્ક ટ્વેઈનનો વારો આવ્યો. એમણે એક અનાથ દીકરીની કરુણ વાર્તા કહેવાનું શરૂ કર્યું. વાર્તા કહેતા કહેતા ટ્વેઈન ખુદ પણ રડી પડ્યા. અને પેલા અજાણ્યા માણસની એક આંખમાંથી આંસુ નીકળતા જોઈ 'નકલી આંખ'નો નિર્ણય આપ્યો.

એક સો ડૉલરનું ઈનામ જીત્યા અને પચાસ ડૉલર પેલા નકલી આંખવાળાને પણ આપ્યા.

બીજાનું દુઃખ જોઈ રડી પડે તે જ સાચી આંખ.

રાજકારણ એ રાજકારણ જ રહેશે

તંત્રીસ્થાનેથી...

રાજકારણને છેલ્લી કક્ષાના બદમાશ લોકોનું આશ્રયસ્થાન ગણાવતી સૂક્તિ બહુ જાણીતી છે. ગાંધીજી જેવા શુદ્ધ નેતા આઝાદીની જંગ પૂરતા ચાલ્યા હતા, જેવી આઝાદી મળી કે એમને એમના જ અનુયાયીઓએ હાંસિયે ધકેલી દીધા હતા. ગાંધીજી પોતે મોટા ગજાના પત્રકાર હતા. 'નવજીવન' અને 'હરિજનબંધુ' તથા 'ઈન્ડિયન ઓપિનિયન' જેવાં અખબારો સાથે આજીવન સંકળાયેલા રહ્યા હતા. અટલ બિહારી વાજપેયી પણ કયારેક અખબારોના સંપાદક રહ્યા હતા. કવિજીવ હતા. વકતૃત્વ શક્તિ અને વ્યક્તિત્વના જોર પર દેશના સર્વોચ્ચ પદ સુધી પહોંચી શક્યા હતા. પણ એમનો માંહ્યલો વારંવાર મૂંઝવણ અનુભવતો હતો. 'જાઉં તો જાઉં કહાં?' - શ્રેષ્ઠ માનવી મોટી જગ્યાએ ભેરવાઈ ગયો હતો. ઈંદુલાલ યાજ્ઞિક મૂળે પત્રકાર. મહા ગુજરાતની ચળવળ ચલાવી : અમદાવાદના તત્કાલીન નેતા જયકૃષ્ણ હરિવલ્લભદાસ જેવા શ્રેષ્ઠીની સામે સંસદની ચૂંટણી જીત્યા પણ જામ્યા નહીં! 'ગુજરાત સમાચાર' ના લોકપ્રિય કટાર લેખક જયવદન પટેલને કોંગ્રેસે બે વાર પ્રાંતિજની વિધાનસભાની બેઠક પર ટિકિટ આપી હતી. બેઉ વખત હાર્યા હતા. દેવેન્દ્ર પટેલ - અહમદ પટેલ અને અમરસિંહ ચૌધરી સાથે આત્મીય સંબંધો ધરાવતા હતા. સામેથી સાબરકાંઠાની લોકસભા કે મોડાસા વિધાનસભાની બેઠક માટે ટિકિટની વારંવાર ઓફર થતી રહી. દેવેન્દ્ર પટેલ સોનાની જાળ પાણીમાં નાખવા તૈયાર નહોતા થયા. આખરે 'પદ્મશ્રી' જેવું રાષ્ટ્રીય બહુમાન મેળવી શક્યા. કોંગ્રેસનો સૂરજ સોળે કળાએ તપતો હતો ત્યારે 'જયહિંદ'ના પત્રકાર વિઠ્ઠલભાઈ પટેલને કોંગ્રેસે રાજયસભામાં મોકલી આપ્યા હતા. પત્રકાર સ્વાભાવિક રીતે જ આપણા સરેરાશ, અણઘડ અને અલ્પશિક્ષિત ધારાસભ્યો કે સાંસદો કરતાં વધુ સારો પ્રતિનિધિ સાબિત થઈ શકે. પરંતુ જ્ઞાતિસમાજ, પ્રદેશવાદ અને મની-મસલ પાવર વગેરે મુદ્દાઓ જ ઉમેદવારોની પસંદગીમાં હાવી થતા રહ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સર્વેસર્વા અરવિંદ કેજરીવાલ અનેક સંદર્ભે બીજા નેતાઓ કરતાં ચડિયાતા સાબિત થયા છે પણ પોતાના જ પત્રકાર સાથીઓ યોગેન્દ્ર યાદવ કે આશુતોષને સાચવી શક્યા નથી. ગુજરાતમાં પાર્ટીનો પગપેસારો કરવા તેઓ લાંબા સમયથી મથતા રહ્યા છે. સર્વોદય વિચારસરણીને વરેલા સુખદેવભાઈ જેવા અગ્રણીથી લઈ ભાજપ છોડી ખેડૂતોની પડખે ઊભા રહેલા પૂર્વધારાસભ્ય ડૉ. કનુભાઈ કળસરિયાને ગુજરાતમાં 'આપ'નું સુકાન સોંપ્યા છતાં 'આપ' કાઠું કાઢી શકેલ નથી. છેલ્લે પાટીદાર આંદોલનના અગ્રણી ગોપાલ ઈટાલિયાના નેતૃત્વમાં એમણે થોડો નોંધપાત્ર દેખાવ જરૂર કર્યો છે અને સૌરાષ્ટ્ર-સુરતની પાટીદાર લોબી સાથ આપે તો આગામી ચૂંટણીઓમાં વધુ સારો દેખાવ કરી શકે એવી શક્યતા છે. ગુજરાતમાં ત્રીજી પાર્ટી ચાલી જ નથી. રતુભાઈ અદાણીની રાષ્ટ્રીય કોંગ્રેસ, ચીમનભાઈ પટેલનો કિસાન મજબૂર લોક પક્ષ, શંકરસિંહ વાઘેલાની રાષ્ટ્રીય જનતા પાર્ટી કે કેશુભાઈની ગુજરાત પરિવર્તન પાર્ટી ઉપરાંત શરદ પવારની એનસીપી કે માયાવતીની બહુજન સમાજ પાર્ટી ગુજરાતમાં જામી શકેલ નથી. એનસીપીના બે ધારાસભ્યો - જયંત બોસ્કી અને કાંધલ જાડેજા પોતાના અંગત પ્રભાવથી સીટ જીતી લાવે છે એવું જ બીપીટીના આદિવાસી બાપ-દીકરા વિશે બનતું રહ્યું છે. ઈસુદાન જેવા યુવાન પત્રકાર ગુજરાતના રાજકારણમાં કાઠું કાઢે તો જરૂર ગમે. પણ પ્રજામાં છેક ગ્રાસરૂટ સ્તરે, મતદારયાદીના 'પેજ' સુધી પહોંચવા માટે તો ભાજપ જેવું સંગઠન જોઈએ. કોંગ્રેસ જયારે વિશ્વનીયતા ગુમાવી રહી છે ત્યારે 'આપ' ને એનો વિકલ્પ બનવાની તક જરૂર મળી શકે!

આ અપડાઉનમાં જિંદગી નીકળી જાય છે

નવાં કલેવર

નટવર હેડાઉ

નોકરીયાત લોકોની જિંદગી કેવી હોય છે. રોજ એ જ રસ્તો, એ જ બસ, એના એ મુસાફરો, એ જ ઓફિસ, એજ ડ્રાયવર અને કંડકટર.

કંઈ પણ ચેઈન્જ નહીં, નિયત સમયે બસ સ્ટેન્ડે આવી બસ પકડો, બેસો અને પહોંચો. પાછા ફરતાં ફરી એનું એ જ. અપડાઉન, અપડાઉન, આ અપડાઉનમાં જિંદગી નીકળી જાય છે.

એ બસમાં બેસતા લોકો સાથે તેમને કાયમી સંબંધો થઈ જાય છે. અલગ-અલગ વયની સ્ત્રીઓ, પુરુષો પોતપોતાની પ્રકૃતિ અનુસાર પોતાના સંગીસાથી નક્કી કરી લે છે. બસની મુસાફરી તો માંડ કલાક-બે કલાકની હોવા છતાં સાથીદારનું ચયન તેમના માટે મહત્ત્વપૂર્ણ હોય છે.

ડ્રાયવરથી લઈને કંડકટર સુધી દરેક પોતાની સુવિધાનો ખ્યાલ રાખે છે.

સૌથી પહેલાં આપણે વાત કરીશું એ બસના ડ્રાયવરની, જે પોતાની પાછળની બે સીટો પર રૂમાલ કે બીજી કોઈ ચીજ મૂકી દે છે. કોઈ પુરુષ મુસાફરને બેસવા દેતો નથી. કોઈ પૂછે તો પણ 'આવે' છે એમ કહી ચૂપ કરી દે છે. આ બે સીટો સ્ત્રીઓ માટે જાણે કે અનામત છે, ડ્રાયવર પોતાની સામેના અરિસામાં તે બંને સ્ત્રીઓને આસાનીથી જોઈ શકે છે. તેને સૌથી વધુ ખતરો નવયુવતીઓને લાગે છે. તેમની પ્રત્યેક હરકત પર એ નજર રાખે છે.

સ્ત્રીઓ સંપૂર્ણ રીતે બેફિકર રહે છે, તેઓ અહીં બેસીને પોતાનો પાલવનો છેડો ક્યારેક સરકાવવો, કેટલો સરકાવવો, તેની પ્રેક્ટિસ કરતી રહે છે. ડ્રાયવર આસાનીથી પાલવની નીચે પહેરેલ લોકેટ જોતો રહે છે. તેનું ધ્યાન કેન્દ્રીય રહે છે. આમ તેમ ભટકતું નથી. આંતરિક અકસ્માતનો ભય ઓછો રહે છે. સ્ત્રીઓ પણ આ વાત જાણે છે. તેમને તો રોજ સીટ મળી જાય છે. પછી પાલવ સરકી જાય તેમાં શું ફરક પડે.

આ બસમાં સફર કરનારમાં ૫૫-૫૭ની આધેડ ઉંમરવાળા મિસ્ટર વ્યાસ, ખુબ હસમખા અને રસિક વૃત્તિના છે. ઉંમરનો ચહેરા અને મન પર હજુ ઝાઝો પ્રભવ નથી. પણ વાળ ચાડી ખાવા લાગ્યા છે. જો કે હેર ડાઈ લગાવી વાળને કાળા રાખે છે. ચહેરો બિલકુલ ક્લીન શેવ, રોજ દાઢી બનાવે છે. હાથમાં એક બૅગ રહે છે. જેમાં અમુક કાગળો ઉપરાંત અન્ય શક્તિવર્ધક સાહિત્ય પડ્યું હોય છે. જે જરૂરિયાત મુજબ લોકોને વહેંચે છે.

ઘેરથી તે વહેલા આવી જાય છે. પોતાની બાજુવાળી સીટ પર બેગ મુકી દે છે. કોઈ પુરુષ તેમને બેસવા માટે કહે તો તે 'કોઈ આવી રહ્યું છે' કહી ટાળી દે છે. સ્ત્રીઓ પ્રત્યે તે બહુ જ સંવેદનશીલ છે. તેમાં પણ યુવતીઓ પ્રત્યે, એકની જગ્યાએ જો તે યુવતીઓને બેસવા માંગે તો આમતેમ કરી આસાનીથી જગા કરી દે છે. આ બસમાં મિથુન ચોકસી પણ આવે છે. તે હજુ યુવાન છે. તેમની પાસે કરવા જેવું ઘણું છે. અતીતમાં તેમના કૉલેજના અનુભવ છે. પરણેલા છે કે નહીં તે ખબર નહીં. તે બસમાં રોજ આવતી એક યુવતી તરફ જોઈ રહે છે. યુવતી કુંવારી છે. હમણાં થોડા દિવસ પહેલાં જ નોકરી મળી છે. સુંદર, સુશીલ છે. તે લગ્ન કરવા માંગે છે. ચોકસી શું કરવા માંગે છે ખબર નહીં. તે યુવતીની આજુબાજુની સીટમાં બેસવાની કોશીશ કરે છે. કોલેજના સમયના પોતાના કિસ્સા સંભળાવે છે. તો પાસે બેઠેલાઓને પણ નજર તો પેલી યુવતી પર હોય છે. છોકરીનું ધ્યાન પણ તેની વાતોમાં હોય છે. પણ જાણે કે સાંભળથી ન હોય તેમ દર્શાવે છે. અમુક વળી જુદા પ્રકારના મુસાફરો છે. જે ફક્ત સ્ત્રીપ્રેમી છે. કોઈ પણ સ્ત્રી તેમની વાતો સાંભળે હંસે કે કોમેન્ટ કરે એવો તેમનો પ્રયાસ રહે છે.

જો કે ડ્રાયવર, કંડકટરને ૧૯મી કોમ કહેવાય છે એવું સાંભળ્યું છે પણ શા માટે એ ખબર નથી.

બસના કંડકટરની પણ બધા પ્રકારના મુસાફરો પર તીક્ષ્ણ નજર રહે છે. કોણ, શું કામ, કેવી હરકત કરે છે તે બાબતે તેનાથી વધુ કદાચ કોઈ જાણતું નહીં હોય, તે જે રીતે જુએ, નજીક ઊભો રહે, સ્ત્રીઓ પાસે ટિકિટના પૈસા માંગે, કોઈ વૃદ્ધને હાથ પકડી બેસાડે. જગ્યા કરી આપવા કહે તેમાં તેનો દરેક અંદાજ અલગ હોય છે. દરેક માટે તેનો અર્થ પણ અલગ હોય છે. તેનો વિરોધ કરવાનું સાહસ કોઈ કરી સકતું નથી.

આ રીતે બસની મુસાફરી અજાણ્યા, ધાર્યા ન હોય તેવા સંબંધોના બંધનમાં બંધાઈ આગળ વધે છે.આ ઉપરાંત બસમાં બેઠેલા બીજા લોકો પણ જાણ્યે-અજાણ્યે આ બધી વાતોના સાક્ષી બની પોતાની સફર પુરી કરી દેતા હોય છે. દરેક કોઈને કોઈ કેરેકટરમાં પોતાને ફીટ કરી લે છે.

સકારાત્મક અભિગમ થકી જ વ્યકિતમાં ઉર્જા ઉત્પન્ન થતી હોય છે

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી

vinodjamlani12@gmail.com

(વિચારબીજ: શ્રીમતી ખ્યાતિ ભટ્ટ, યુ.એસ.એ.)

છેલ્લા પાંચ વર્ષથી વધારે સમયથી આ કોમલમાં પ્રકાશીત થતાં માનવીય સંબંધો વિષેનાં લેખોનાં ઘણાબધા અને વિવિધ પ્રકારના પ્રતિભાવો ઘણાં ભાવકો તરફથી મળતા રહે છે. એ પ્રોત્સાહક પ્રતિભાવોની સાથે ભાવકો કેટલાક સૂચનો કરતાં હોય છે, કેટલાક નવા વિચારો આપતા હોય છે, કેટલાકનાં પોતાનાં અનુભવોની વાતો કરતાં હોય છે તો કેટલાક ભાવકોનાં પોતાનાં પ્રશ્નો અને મુઝવણો પણ વ્યક્ત કરતાં હોય છે. આ પ્રકારનાં અનેક પ્રતિભાવોમાંથી બે-ચાર પ્રતિભાવો અહી પ્રસ્તુત કરું છું જે ભાવકોના પ્રશ્નો કે મૂંઝવણને વ્યક્ત કરે છે.

"હું મારા સંબંધોમાં કોઈપણ પ્રકારની અપેક્ષા રાખતી નથી. સામેની વ્યક્તિ મારી પાસે ઘણી અપેક્ષાઓ રાખે છે જેમાંથી જો હું એકાદ અપેક્ષા પણ પૂરી ન કરી શકું તો એ સ્નેહી નારાજ થઈ જતાં હોય છે."

"મારૂ વર્તન હંમેશા સારું જ રાખું છું પણ સામે મારા સ્નેહીજનનું વર્તન જો સારું ન હોય તો મારે શું કરવું?"

"હું મારા મોટાભાગનાં સંબંધોને નિભાવવા માટે બનતું બધું જ કરી છૂટું છું પણ સામેથી મને યોગ્ય પ્રતિભાવ નથી મળતા ત્યારે એવી લાગણી થાય છે કે છોડી દઉં બધું, મારે શું?"

"મારા હકારાત્મક અભિગમને લોકો મારી નબળાઈ માને છે"

"સંબંધોમાં હું હંમેશા બધું જતું કરું છું પણ તેમાં મને ઘણીબધી મુશ્કેલીઓ નડતી હોય છે"

આવા અને આ પ્રકારનાં ઘણાં પ્રતિભાવો અને પ્રશ્નો મળતા રહે છે જેનો એક મહત્વનો સૂર એવો હોય છે કે "મારા સંબંધોમાં મારે તો હકારાત્મક રહેવું છે, હું તો મારા વર્તન-વ્યવહાર હંમેશા સારા જ રાખું છું પણ મને મારા સ્નેહી-સંબંધીઓ તરફથી અમારા જેવા જ પ્રતિસાદ નથી મળતા. આવું થાય છે ત્યારે નિરાશ થઈ જવાય છે. આખરે હું પણ માણસ છું"

ભાવકોએ આપેલા પ્રસ્તુત પ્રતિભાવો જેવી જ કદાચ આપણાં ઘણા લોકોની લાગણી હોય છે. ભાવકોની જેમ આપણે પણ કદાચ દ્રઢતાપૂર્વક એવું માનતા હોઈએ છીએ કે આપણું વર્તન સારું છે, આપણો અભિગમ હંમેશા સકારાત્મક છે પણ ક્યારેક, કેટલાક સંબંધીઓ તરફથી અપેક્ષીત પ્રતિભાવો મળતા નથી. આવું થાય છે ત્યારે એ સંબંધીઓ પ્રત્યે અને સંબંધો પ્રત્યે આપણું મન ખાટું થઈ જતું હોય છે.

આપણે પોતે એવું માનતા હોઈએ કે આપણાં વર્તન વ્યવહાર સારા છે પણ આપણાં વર્તન વ્યવહાર કેવા છે એ નક્કી કોણ કરી શકે? આપણે બીજા લોકોની નબળાઈઓ વિષે ઘણું જાણતા હોઈએ છીએ પણ આપણી પોતાની નબળાઈઓ વિષે આપણે કેટલું જાણતા હોઈએ છીએ? કદાચ આપની નબળાઈઓ વિષે જાણતા હોઈએ તો આપણે કેટલી હદ સુધી તેનો સ્વિકાર કરતાં હોઈએ છીએ? બીજી રીતે જોઈએ તો, આપણાં સ્નેહી-સંબંધીઓ આપણી સાથે જે પ્રકારનાં વર્તન-વ્યવહાર કરતાં હોય છે, તેમનાં તરફથી આપણને જે રીતે પ્રતિસાદ મળતો હોય છે એ આપણી જેમ જ તેઓની પોતાની દ્રષ્ટીએ તો સકારાત્મક જ હોય છે પણ તેમનાં પ્રતિસાદ આપણને અનુકૂળ હોતા નથી એટલે કદાચ આપણે તેને નકારાત્મક માનતા હોઈએ છીએ. કદાચ એ જ આપણી એક નબળાઈ છે જેની આપણને ખબર નથી હોતી.

આપણાં સ્નેહીજનો તરફથી આપણને અનુકૂળ હોય એવા સકારાત્મક પ્રતિભાવો નથી મળતાં ત્યારે એ પ્રતિસાદને આપણે નકારાત્મક માનીને આપણે આપણો હકારાત્મકતાનો રાહ બદલીને એ સંબંધી સાથે નકારાત્મક રીતે વર્તવા લાગીએ એવું ઘણીવાર બનતું હોય છે. આપણે આ પ્રકારનું વલણ અપનાવી છીએ ત્યારે તેની માત્ર આપણાં ઉપર જ નહીં, માત્ર આપણાં એ સ્નેહી-સંબંધી ઉપર જ નહીં બલ્કે આપણી આસપાસનાં, આપણી સાથે સંકળાયેલા અન્ય લોકો ઉપર પણ વિપરીત અસરો પડતી હોય છે.

ચાલો બે ઘડી આપણે એવું માની લઈએ કે આપણે સાચા જ છીએ, આપણું વર્તન સકારાત્મક જ છે અને સંબંધીત વ્યકિતનું આપણાં તરફનું વલણ નકારાત્મક જ છે. તો શું અન્ય વ્યકિતનાં આપણી સાથેનાં નકારાત્મક વલણને કારણે આપણાં વર્તનની રીત બદલી નાંખવી? આપણે આપણો રસ્તો ત્યજી દેવો? આપણે પણ ખોટો રાહ અપનાવી લેવાનો? આપણે પોતે પણ એવું જ કરીએ તો પછી પેલા સ્નેહી અને આપણાંમાં ફર્ક શું? તેમનાં જીવનમૂલ્યો અને આપણાં જીવનમૂલ્યોમાં કોઈ તફાવત જ નહિ? કોઈ જો પોતાનું નકારાત્મક વલણ બદલીને સકારાત્મક ન બને તો આપણે સકારાત્મક રસ્તેથી નકારાત્મક રસ્તે જતાં રહેવાથી શું આપણાં સંબંધીના વર્તન અને વ્યવહારમાં સુધારો થઈ જશે? આપણાં બદલેલા નકારાત્મક વર્તનથી આપણને કે સ્નેહીને કોઈ પ્રકારનો લાભ થશે? આપણાં તેમની સાથેના સંબંધોમાં કોઈ સુધારો આવશે?

આવા અને આ પ્રકારના ઘણા પ્રશ્નોનો વિચાર કર્યા પછી આપણે બુદ્ધિપૂર્વકનો નિર્ણય લેવો પડે.

(ક્રમશઃ)

કલિયુગના કાળમાં કોવિડની થપાટ સર્વ માટે કષ્ટદાયી!

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

૨૦૨૦ની શરુઆત થઈ અને વિશ્વમાં કોરોના વાઈરસની અણધારી અને ઘાતક આફત આવી પડી અને સમય જતા આ આફત પુરા



જગતમાં ઝડપથી ફેલાઈ ગઈ. પ્રથમ લહેર વખતે કોઈને આ વિશે નક્કર માહિતી ના હતી અને તેનું ઉત્પત્તિ સ્થાન ચીનનું વુહાન છે એવી માહિતી બહાર આવી તેમ છતાં આ વાત ક્રમશઃ ઢંકાતી ગઈ કેમ કે ચાઈના અને વિશ્વ આરોગ્ય સંગઠન વચ્ચેની નજીકતા છતી થઈ હતી. કોરોનાનું સંક્રમણ થોડું કાબુમાં આવ્યા બાદ ઘણા વિવિધ કારણોસર લોકો એ પ્રસિદ્ધ સૂચનાઓને અવગણી તેથી બીજી લહેર ઝડપથી આવી અને આ લહેરમાં પુષ્કળ જાનહાનિ થઈ, દવાઓ તથા દવાખાના, ઓક્સિજન વગેરેની ઘટ્ટ ઊભી થઈ ત્યારે લોકોનું ખરું ચારિત્ર્ય પણ જાણે અજાણ્યે પ્રગટ થયું!

ઈન્જેકશન્સ-દવાની કાળા બજારી થઈ, લોકો પાસે માત્ર પોતાના આંસુઓ જ પોતિકા રહ્યાં. સરકારશ્રઈના પ્રયાસો પુષ્કળ હતાં પરંતુ સંકલન તૂટી પડ્યું એટલે પ્રજાની હાલાકી ડબલ થઈ ગઈ હતી. એ પ્રત્યેક નાગરિકે જાતે અનુભવ્યું. વિશ્વના અન્ય દેશો પણ પીડિતા હતા છતાં ત્યાં ઝડપી રસીકરણ કરી રાહત મેળવવામાં સફળતાની નજીક ગયા તો ભારતમાં રસી બાબતે ઘણો દુષ્પ્રચાર થયો જેથી પ્રજા દ્વિધામાં ગઈ, અંધશ્રદ્ધા એ માથું ઉચક્યું તો તામિલનાડુ જેવા રાજયમાં કોરોના દેવીનું મંદિર શરૂ થઈ ગયું. ભારતના બીજા એક રાજયમાં પણ આવું જ મંદિર શરૂ થયાના સમાચાર હાલમાં પ્રસિદ્ધ થયાં !! જયાં બુદ્ધિ અટકી જાય ત્યાંથી શ્રદ્ધા પ્રવેશવા લાગે છે. કોવિડની મહામારી એ જાનહાનિ તો પુષ્કળ થઈ પરંતુ તેના કરતાં વધુ આર્થિક પાયમાલી અનેક ગણી થઈ છે એ ધક્કાથી દેશ ભૂતકાળની સ્થિતિમાં જતો રહ્યો છે પરંતુ દોષ કોને દેવો ? લોકડાઉનથી વાઈરસની ચેઈન તૂટી જાય અને સાથોસાથ લોકોની આવક - ધંધા - ઉદ્યોગની ચેઈન પણ ભાંગી જાય છે એટલે જ ભારતની જીડીપી. માઈનસમાં આખી ગઈ છે તદુપરાંત કરોડો લોકોની નોકરીઓ જતી રહી અને પ્રજાની આવકો ઘટી જેથી બજારમાં માંગની કમી શરૂ રહી છે. હવે એકડો ક્યાંથી અને ફરીથી ઘૂંટવો એ જબરો સવાલ ઊભો થઈ ગયો છે એ વાસ્તવિકતા છે.

કોવિડની મહામારીએ જે નુકશાન કર્યું છે તેમાંથી બહાર નિકળતા ખુબ સમય લાગવાનો છે અને સાથે ત્રીજી લહેર કોઈ ના આવે તેની સર્વત્ર કાળજી લેવી અનિવાર્ય છે કેમ કે વાઈરસ સ્વયં તેનું સ્વરુપ બદલી રહ્યો છે. આ પણ એક રાક્ષસ જ ગણી શકાય ! હાલમાં MSME યુનિટો ક્રમશઃ ફરીથી પ્રવૃત્તિમાં પુનઃ ગોઠવાઈ રહ્યા છે જે માંગ સર્જન પ્રવૃત્તિ માટે પૂર્વશરત કહી શકાય. ઘણા સેકટર્સ હજી આર્થિક પ્રવૃત્તિથી દૂર છે ત્યાંના લોકો પણ ભીડ અનુભવી રહ્યા છે. આવક વધે તો જ લોકોની ખર્ચ કરવાની ક્ષમતા વધે બાકી કંઈ નક્કર ના થઈ શકે. સર્વત્ર પુર્ણતઃ અનલોક થતા હજી વાર લાગવાથી છે. આર્થિક નુકશાની ના લીધે મનોરોગ તનાવ અને અપરાધો વધતા જ હોય છે જે સમાજને ભાંગી નાખે છે આ એક દુઃખદ પરિણામ હોય છે તેમાંથી બહાર નીકળવું અઘરું હોય છે. કોવિડ લાંબો સમય સમાજ વચ્ચે રહેવાનો છે એ બધા એ યાદ રાખવું પડશે માટે નિયમો અચુક પાળવા જ પડશે. આદિલ મનસુરીનો શેર સમજવા જેવો છે.

'અમસ્તા જ દરવાજો ખોલ્યો અમે
હતી કયાં ખબર કે મરણ આવશે.'

સરકારશ્રી નીતિ નિયમોથી જીએસટીમાં રાહતો આપે છે તથા મદદ કરે ઓછે પણ વસ્તીના વધુ કદના લીધે લાભ ઓછો પડે છે. રોટલો દાઝી ગયો છે એમાં અગ્નિ તો નિમિત્ત માત્ર છે! કેટલીય સેવાભાવી સંસ્થાઓ અને લોકો એ માનવતાની સુગંધ પ્રસરાવી છે તે નોંધ લેવી જ પડે. બધા એ પોતાની શક્તિ મુજબ અન્યની સહાયતા કરવાના દિવસો આવ્યા છે તો આપણે એવું કરી ઈશ્વરનો રાજીપો મેળવીએ. મૃતઃપ્રાય સંસ્થાઓ ને સરકાર પણ મદદ કરી સમય સાચવી લે તેવી અપેક્ષા છે. અમૃત ઘાયલના શબ્દો યાદ રાખવા જેવા છે.

'વલણ હું એક સરખું રાખું છું
આશા-નિરાશામાં બરાબર ભાગ લઉં છું
જિંદગીના સૌ તમાશામાં
સદા જીતું છું એવું કંઈ નથી
હારું છું બહુધા પણ
નથી હું હારને પલટાવવા દેતો હતાશામાં.'

કોવિડ મહામારીથી ઈશ્વર બધાને સલામત રાખે તેવી પ્રાર્થના.

શેર આસ્વાદ :

સહેલુ નથી એ વ્યક્તિને સમજવું
જે જાણે છે બધું પણ બોલતી નથી.